





ભરડે ભૂંડા નિવેદન એ, ઉઠતી બજાર છે,
કરી રહ્યા કોમનું કલ્યાણ, ઉઠતી બજાર છે,
લેવા બેઠા ઝડપી નિર્ણયો, ઉઠતી બજાર છે,
હારવા બેઠા જીતનરામ, ઉઠતી બજાર છે..




થઇ ગ્યું ખાખ,
હવે ખોદે છે કૂવા -
આરોગ્ય ખાતું..

દવા મફત -
જાગૃત તંત્રે કરી -
તાલીમ શરૂ..

(સ્વાઇન ફ્લૂ - સરકારી આંકડો પણ ચિંતાજનક)

## ચિંતન

**કલારત્નં ગીતં ગગન તલરત્નં દિન મણિઃ સભા રત્નં વિદ્વાનંશ્ચ શ્રવણપટુ રત્નં હરિકથા ।**
**નિશા રત્નં ચંદ્રઃ શયનતલરત્નં શશિમુખી મહીરત્નં શ્રીમાંનજયંતિ રઘુનાથઓ નૃપવરઃ ॥**

સર્વે કલાઓ (૬ કળાઓમાં) 'સંગીત' એ સર્વશ્રેષ્ઠ કલા-રત્ન છે. સભાઓમાં (સંસદ-વિધાન વગેરેમાં) વિદ્વાન સભાનું રત્ન છે. આકાશના ગ્રહમંડળમાં સૂર્યરત્ન છે. અને કાનનો બધા પ્રકારની વાતો-નિંદા-પ્રશંસા પણ સાંભળે છે પરંતુ હરિકથા એ કાનનું રત્ન છે. જિજ્ઞાસુઓ જયારે 'કૌશલ્ય' પ્રાપ્ત કરે એ જિજ્ઞાસાનું રત્ન છે. ચંદ્ર એ ગગનમંડળ દેખાતા બધાં ગ્રહમાં રત્ન છે.

ચંદ્રમુખી - સારા સ્વભાવની સુંદરી શયનકક્ષનું રત્ન છે અને વિશ્વભરના રાજાઓમાં શ્રેષ્ઠ છે રત્ન છે રઘુપતિ રાજા રામ - રઘુનાથ બધા રાજાઓમાં આદર્શ-મર્યાદા પુરુષોત્તમ - શ્રેષ્ઠ રાજા છે.

આ શ્લોકમાં શ્રેષ્ઠત્વનું દર્શન કરાવવામાં આવ્યું છે.

## સુવિચાર

- જીંદગી સમયના પૈડા ઉપર સંજોગોના સ્ટેશને થોભતી થોભતી અને સુખની સીસોટી મારતી કે દુઃખના ધૂમાડા ઓકતી સંબંધોના સહયાત્રીઓ સાથે ડબ્બામાં જીવન પ્રવાસ કરાવતી એક લાંબી આગ ગાડી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- 'ઘર'નાં આંતર તથા બાહ્ય સ્વરૂપની ટૂંકમાં વ્યાખ્યા કરી હોય તો 'ગુંગળામળ રહિત બંધન એટલે 'ઘર' **- જનકલ્યાણ**
- હે પરમેશ્વર, અમને દૃષ્ટિ આપો કે અમે રહેલા અને અઘરા વચ્ચેનો ભેદ પારખી શકીએ, અમને શક્તિ આપો કે અમે અઘરી વાટે ચાલી શકીએ **- અમૃતબિંદુ**
- તમારી જરૂરિયાત પૂરી ન થાય તો એમ માનીને ચાલજો કે તમને તેની જરૂર નહીં હોય **- સરદાર પટેલ**
- દૌલત ભી કયા ચીજ હૈ જબ આતી હૈ તો ઇન્સાન ખુદ કો ભૂલ જાતા હૈ, ઔર જબ જાતી હૈ તો જમાના ઉસકો ભૂલ જાતા હૈ **- રજનીશ**
- સંસારીનું મન ભટકતું રહે છે અને તન સ્થિર હોય છે, જયારે સંતનું તન ભટકતું રહે છે અને મન સ્થિર હોય છે **- ભક્તિસૂત્ર**
- આત્મબળ એ જ સૌથી સમર્થ બળ, એના અભાવે શરીર બળ માત્ર ખેલ **- ડો. પ્રણય પંડ્યા**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

માણસોના કાયદાના કાટલાં પોતાના ફાયદા માટે જુદાં અને બીજાના - સામેના વ્યક્તિ માટે અલગ હોય છે, વકીલો-ન્યાયતંત્ર પણ કાયદાના અર્થઘટન માટે આવી જ નીતિનો આશ્રય લેતા હોય છે.

મુલ્લા નસરૂદ્દીન, બીરબલ જેવો જ બુદ્ધિશાળી અને ચાલાક હતો. એક દિવસ ગુસ્સામાં પગ પછાડતાં નસરૂદ્દીન પડોશીને ઘેર ગયો અને ફરિયાદ કરી.

તારા બળદ ગુસ્સામાં તોફાન કરી મારી ગાયને મારી પછાડી નૂકશાન કર્યું છે માટે તારે મને એની સારવાર માટે ખર્ચ આપવો પડશે!

પડોશીએ નસરૂદ્દીનને શાંત પાડીને સમજાવતાં કહ્યું, જુઓ મુલ્લા આ મુઆબજા - ને સારવારના ખર્ચ આપણા માટે છે વિચારવંત, લોકો માટે, પ્રાણીઓને આ કાયદા લાગુ ન પડે પ્રાણી તો મસ્તી ભરાય અને તોફાને ચઢે ત્યારે ગમે ત્યારે - ગમે તેનું નૂકશાન થઇ જાય - એમાં કંઇ ખર્ચ મંગાતા હશે!


નસરૂદ્દીન તરત શાંત થઇ ગયા - કહ્યું મિયા તમે આ સત્ય જાણો છો એ સારું છે ખરેખર તો હું તમને એ કહેવા આવ્યો હતો કે મારા બળદે, તમારા દીકરાનો પગ ભાંગી નાખ્યો છે જલ્દી દવાખાને પહોંચો!!

પડોશી તો બઘવાઇને નસરૂદ્દીનને તાકી તાકી જોઇ જ રહ્યો - અને દવાખાને દોડ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

# પર્વોમાં મહાપર્વ મહાશિવરાત્રી

વારાણસીમાં ગુરુદ્રુહ નામનો શિકારી હતો. એકવાર આખો દિવસ જંગલમાં રઝળપાટમાં ગયો, ભૂખ હતી, કશું મળ્યું નહીં, સાંજે એક તળાવને કિનારે વૃક્ષ પર ચડીને બેસી ગયો. સાંજે પાણી પીવા કોઇ પ્રાણી આવે અને પોતાને આરામ મળી રહે એવો ઇરાદો હતો. આ વૃક્ષ બિલ્વપત્રનું હતું. ખરેખર એક હરિણી ત્યાં પાણી પીવા આવી. ગુરુદ્રુહે રાજી થઇને શરસંધાન કર્યું. ચંચળ હરિણીનું ધ્યાન તરત જ એના ઉપર પડ્યું. તેણે ગભરાયા વગર શિકારીને કહ્યું, 'તારો તો વ્યવસાય છે અને અત્યારે હું તારો શિકાર છું, પરંતુ તું મને સવાર સુધીનો સમય આપ. હું મારા પરિવારને મળી ને આવી જાઉં.'



સ્થાનની પવિત્રતાનો પ્રભાવ માનસમાં પડ્યો જ હોય છે - પછી મનુષ્ય હોય કે પશું. આ બિલ્વ વૃક્ષ હતું, નીચે અપૂજ શિવલિંગ ભૂમિમાં હતું. હરિણીએ આવું વચન આપ્યું અને ભૂખ્યા શિકારીએ એને જવા દીધી. નિંદર આવતી હતી, તેથી ગુરુદ્રુહે આખી રાત નીચે બિલ્વપત્ર તોડીને નાખ્યા કર્યા. પોતાની પાસે પાણીની મટકી હતી, તેમાંથી પાણી નીચે પડ્યાં કરતું.

સવાર થઇ ત્યાં માત્ર મૃગલી જ નહિ - પરિવાર હાજર : મૃગલી, મૃગ અને બે બચ્ચાં - આત્મસમર્પણ માટે તૈયાર. હવે ગુરુદ્રુહમાં સાત્ત્વિકતાનો ઉદય થયો. એણે પોતાની હિંસાવૃત્તિ છોડી દીધી અને હથિયાર મૂકી દીધાં. શિવજીને તો આટલું જ જોઇએ - ઉપવાસ, જાગરણ, અભિષેક અને બિલ્વપત્ર. એ તો પ્રગટ થયા અને પ્રસન્ન થયા. સૌને એમનું મનભાવતું આપ્યું. ગુરુદ્રુહ શૃંગવેરપુરનો રાજા ગુહ થયો, શ્રીરામ સાથે એમનું મિલન થયું. મૃગલી શાપગ્રસ્ત અપ્સરા હતી, તેને સ્વર્ગમાં પોતાનું સ્થાન પુનઃ પ્રાપ્ત થયું. મૃગને મૃગશીર્ષ નક્ષત્ર રૂપે ચિરંજીવ સ્થાન મળ્યું.

### પ્રસંગસર

**-રશ્મિકાન્ત મહેતા**

આ તો દેવોના દેવ મહાદેવ છે. વગર શ્રદ્ધાએ, આશય વગર અનાયાસ મળતું હોય તે પણ સ્વીકારી લે; અર્જુને તો શત્રુભાવે દ્વંદ્વયુદ્ધના પેંતરા રૂપે કિરાત વેશમાં રહેલા શિવનો પગ પકડ્યો, તો એના પર પ્રસન્ન થઇ ગયા. ભાવથી જે કાંઇ ભક્ત આપે, તે સ્વીકારી લે. કણપ્પા નામનો અબૂધ વનવાસી નૈવેદ્યમાં તાજું માંસ આપે, કોગળાના પાણીથી અભિષેક કરે અને પહેરેલા જોડાની અણીથી શિવલિંગ સાફ કરે. શિવજી તો પણ એના પર રાજી રહે. એને કશું ન જોઇએ - માત્ર ભાવભક્તિ જોઇએ. શબરીએ શિવજીને કહ્યં, 'હે શંભુ! મારી ઇન્દ્રિયો તમારી પૂજામાં પુષ્પ બનો. મારો દેહ ધૂપ - ચંદન થાવ, મારું હૃદય દીપ બનો, મારા પ્રાણ હવિષ બનો, મારી કર્મેન્દ્રિયો ચોખા બનો.'

મહાશિવરાત્રીનો પહાપર્વ છે. આ દિવસનું અનેક રીતે મહત્ત્વ છે. ગુરુદ્રુહની ઘટના બની, તે મહા વદ ચૌદશની રાત્રી હતી. તિથિ વદ ચૌદશના સ્વામી શિવજી છે. દર મહિનાની આ તિથિ શિવરાત્રી છે, પરંતુ મહા મહિનાની આ તિથિની રાત્રિ મહાશિવરાત્રી છે. ગુરુદ્રુહની ઘટના તો ખરી જ. રુદ્રરૂપે અવતરણ, સૃષ્ટિ ઉપર આજે થયું. નિશીથ કાળે, મધ્યરાત્રિએ જયોતિર્લિંગનો પ્રાદુર્ભાવ થયો. નટરાજ રૂપે તાંડવ નૃત્ય કર્યું અને ડમરુંના નિનાદમાં સ્વરવ્યંજન આ દિવસે પ્રગટ્યાં. પોતાને મોહિત કરવાના પ્રયાસને કારણે કામદેવનું દહન શિવે આજે કર્યું અને પછી પાર્વતી સાથેના વિવાહ પણ આ દિવસે થયા. દ્વાપર યુગનો પ્રારંભ આજથી થયો.

ચાર રાત્રિઓનું મહત્ત્વ છે :

(૧) કાળરાત્રિ - કાળી ચૌદશ

(૨) મોહરાત્રિ - ગોકુળ અષ્ટમી

(૩) દારૂણ રાત્રિ - હોળી

(૪) અહોરાત્રિ - શિવરાત્રી. આ ચારમાં પણ શિવરાત્રિનું વિશેષ મહત્ત્વ છે. રાત્રિનો અર્થ જ છે પરમ વિશ્રામ. અહોરાત્રિ એટલે અતિપુરાણી રાત્રિ. આ પર્વ પ્રાચીનત્તમ છે. આ રાત્રિ મંગળવારે આવતી હોય તો તે ઉત્તમ એવો શિવયોગ છે.

બ્રહ્મા અને વિષ્ણુને પોતાની શ્રેષ્ઠતા માટે અભિમાન થયું. શિવજીએ એમનો દર્પભંગ કર્યો. આજના દિવસે આ ઘટના બની ત્યારે તેઓએ શિવજીનું પૂજન કર્યું. મહાદેવે એમને કહ્યું કે, 'આજે મહાવદ ચૌદશે તમારા પર હું પ્રસન્ન છું. આજનો દિવસ સમગ્ર વર્ષમાં મહાન અને પવિત્રત્તમ છે. લોકો આજના દિવસને હોંશભેર મહાશિવરાત્રી તરીકે ઉજવશે.' આજ વાત એમણે પાર્વતીને પણ કહી, 'આ દિવસે ઉપવાસ રાખવો અને વિષય સંપર્ક ન રાખવો. માત્ર બિલ્વપત્ર મને કોઇ ચડાવે તો પણ હું સંતોષ પામું છું.'

આ વ્રતનું મહત્ત્વ આ રીતે છે -

શિવરાત્રિ વ્રતં નામ સર્વપાપ પ્રણાશનમ્ ।
આ ચાંડાલ મનુષ્યાણાં ભુક્તિમુક્ત પ્રદાયકમ્ ॥

'આ શિવરાત્રીનું વ્રત તમામ પ્રકારના પાપોનો નાશ કરે છે. તે ચાંડાળથી માંડીને સૌ કોઇ મનુષ્ય કરી શખે છે. આ વ્રત સૌ કોઇને (મનોવાંછિત) ભોગ અને મોક્ષ આપે છે.'

શિવરાત્રીની પૂજાનું વિધાન આ રીતે છે :

| પ્રહર | શેનાથી અભિષેક | કોનો અભિષેક (કયા સ્વરૂપનો) |
|---|---|---|
| ૧ | દૂધ | ઇશાન મૂર્તિ |
| ૨ | દહીં | અઘોર મૂર્તિ |
| ૩ | ઘી | વામદેવ મૂર્તિ |
| ૪ | મધ | સદ્યોજાત મૂર્તિ |

શિવજી યજ્ઞોપવિતધારી બ્રાહ્મણથી માંડીને વનવાસીઓ સહિતના સૌ કોઇના - કોઇ પણ જાતના ભેદભાવ વગર સૌ કોઇના આરાધ્ય દેવ છે. એમની પ્રસિદ્ધિ સ્થળ અને કાળથી પર છે. હિન્દુ દેવદેવીઓનું પુસ્તક ડચ ભાષામાં રચાયું છે. તેનો અંગ્રેજી અનુવાદ હોલેન્ડથી પ્રકાશિત થયો છે. એક વિદૂષિ બહેન ઇવા રૂડી જન્સેને કર્યો છે. આ ગ્રંથ એમણે નટરાજ અને એના પુત્ર ગણેશને સમર્પિત કર્યો છે.

તે આશુતોષ છે - જલદીથી ગુસ્સે થાય : આશુતોષ છે - જલદીથી રાજી થઇ જાય. આવા ભોળાના નાથ ભોળાનાથને શ્રદ્ધાપૂર્વકનાં પ્રણામ.

# પતિ-પત્ની શા માટે એકબીજાના જીગરી દોસ્ત નથી થઇ શકતા?

**(ગતાંકથી આગળ...)**

**Love is something that gathers strength with patience**

**'Love is something that gathers strength with patience, grows despite obstacles, warms in winter, flourishes in sprting, casts a breeze in summer and bears fruit in autumn. I found love.' - kahlil Gibran**

મન અતીતમાં પહોંચી ગયું. કેવો એ સમય હતો, કેવા એ અદ્‌ભુત દિવસો હતા.

બન્ને અવારનવાર મળે છે. પરિચયમાંથી પ્રણયસંબંધ પાંગરે છે.

બન્ને મળતાં. ક્યારેક સાથોસાથ તો ક્યારેક સામસામાં એકબીજાંને જોતાં બેસતાં. ક્યારેક હાથમાં હાથ ઝાલી સમુદ્ર તીરે છળતાં મોજાં માણવા દોડતાં, તો ક્યારેક કોઈક એકાંત સ્થળે બેઠાં બેઠાં વાતો કરતાં. બન્ને એકબીજાને સાંભળે છે. એમનાં સંબંધમાં મૈત્રી છે, સહાનુભૂતિ છે, સાદગી છે. બન્ને વચ્ચે એક દુનિયા નિર્માણ થાય છે. એ દુનિયા માત્ર એ બેની જ છે. એમાં બીજો કોઈ રસ નથી, વસ્તુ નથી કે નથી અન્ય લોકો, જવાબદારીઓના ભાર વગરનો, બંધનોથી મુક્ત એ સંબંધ છે. ભૂતકાળનું એમાં કોઈ ૠણ નથી. ભવિષ્યના સોણલાં સેવાય છે. આરંભના કાળનો આ મૂળ સંબંધ ઘણો સુંદર હોય છે. એ સ્વયંપર્યાપ્ત છે. એમાં વાસંતી પ્રભાતની આહલાદકતા હોય છે. નવી ફૂટેલી કૂંપળની લીલાશ અને નવજાત શિશુની સુકોમળતા હોય છે. બન્ને ને થાય છે - પ્રણય નો વસંતકાળ લંબાયે જ જાય તો કેવું સારું! આવી ને આવી જ ઉત્કટતા, મિલનનો આનંદ ને તન્મયતા કાયમ રહે તો કેટલું સારું!

### વિચારયાત્રા

**- ડો. જય ઓઝા**

પરંતુ દુનિયામાં કશું જ શાશ્વત નથી. કશું જ કાયમ રહેતું નથી. મોસમ બદલાય છે. સાગરમાં ભરતી પછી ઓટ આવે છે. પત્રપુષ્પથી શોભતી વસંતનું સ્થાન નિષ્પર્ણ શિશિર લે છે તેમજ સંબંધમાં પણ બદલાવ આવે છે. પ્રારંભના સુંદર રોમાંચક સંબંધને ધીમે ધીમે વાસ્તવિકતા સ્પર્શવા માંડે છે. સંબંધનું સ્વરૂપ ધીમે ધીમે જટિલ થતું જાય છે. ઘણાંખરાં સંબંધમાં આવું બનતું હોય છે, પરંતુ લગ્નસંબંધમાં આ બદલાતી પેટર્ન સવિશેષ જોવામાં આવે છે. કારણ કે, પતિપત્ની વચ્ચેનો સંબંધ ખૂબ ગાઢ અને વિરલ હોય છે. એટલે જ કદાચ એ નિભાવવો મુશ્કેલ હોય છે.

આપણે બધાં સામાન્ય રીતે એવું માનતા હોઈએ છીએ કે દામ્પત્યસંબંધ પારંપારિક રીતે જો જાળવી ન શકીએ તો એ આપણાં જીવનની નિષ્ફળતા અને કરુણતા જ કહેવાય. એટલે આ સંબંધમાં કોઈ પણ ચડાવ-ઉતાર આવે કે એમાં શુષ્ક બદલાવ આવે તો આપણને એ ગમતું નથી. આપણે એનાથી ડરી જઈએ છીએ. આપણે ખોટાં મૂલ્યો, ખ્યાલો અને આદતોના ઘટ્ટ માનસિક આવરણના બોજા નીચે જીવતાં હોઈએ છીએ. ખરી વાત તો એ છે કે આપણાં માનસ પર છવાયેલાં આ આવરણને આપણે ધીમે ધીમે દૂર કરવાનું હોય છે. દામ્પત્યજીવનમાં એક પછી એક વર્ષો વીતતાં જાય છે. સ્ત્રી અને પુરુષ બન્ને પોતપોતાની ભૂમિકામાં પરોવાઈ જાય છે. પુરુષ વ્યવસાયમાં, કારકિર્દીમાં અને બહારની દુનિયામાં વ્યસ્ત રહે છે. સ્ત્રી એની પારંપારિક ગૃહિણી અને માતાની ભૂમિકામાં, ઘરસંસારમાં અને કુટુંબમાં ખૂંપી જાય છે. આ હવે એમની નવી ભૂમિકા છે.

પરિચય અને પરિણયના પ્રારંભિક કાળમાં જે સંબંધ ખૂબ જ આત્મીયતાનો અને ઓતપ્રોતતાનો હતો. એનું સ્થાન આ નવી જવાબદારીભરી ભૂમિકાનો સંબંધ લેવા માંડે છે. સ્ત્રી બાળકોના લાલનપાલનમાં અને પુરુષ પોતાનાં કુટુંબના નિર્વાહના કામમાં, સમાજમાં પોતીકું સ્થાન ભું કરવામાં અને સત્તા અને સંપત્તિ મેળવવા પાછળ લાગી જાય છે. પરંતુ બન્નેને જીવનમાં કશુંક ખૂટતું લાગે છે. કશીક ણપ લાગે છે. એમને થાય છે કે એમના શરૂઆતના સંબંધમાં જે એક સુંદર મધુર તત્વ હતું તે ક્યાં ગયું? બન્ને એને ઝંખે છે, પણ આ સાથે એક બીજી વાત વિચારવાની જરૂર છે.

સ્ત્રી અને પુરુષ મનુષ્ય તરીકે સમાન પરંતુ બન્નેની મૂળભૂત જરૂરિયાતો અલગ અલગ હોય છે. પુરુષને બહારના જગતમાં સક્રિય સર્જનાત્મક રહેવાની તક સ્ત્રી કરતાં વધારે હોય છે, જયારે સ્ત્રીને અંગત સંબંધોની વધુ તક હોય છે. આધુનિક નારીને લાગે છે કે એની આટલી જ ભૂમિકા અને કાર્યક્ષેત્ર એને માટે પૂરતું નથી. એનું પોતીકું કંઈક કહી શકાય - કંઈક પોતાને કરવાનું હોય એનો સંતોષ એને આ મર્યાદિત ભૂમિકામાં મળતો નથી. પુરુષને અંગત સંબંધની ઉષ્માની ણપ લાગે છે. બન્ને એકબીજાંની અલગ અલગ જરૂરિયાત સમજી શકતાં નથી, ત્યારે બન્ને દુખી થાય છે. એમને થાય છે કે એમની વચ્ચે એક સરસ ૠજુ સંબંધ નિર્માણ કરવામાં એમનું લગ્નજીવન નિષ્ફળ ગયું છે.

એમની વચ્ચેનો મનમેળ જતો રહ્યો છે. એમનું દામ્પત્યજીવન નીરસ અને શુષ્ક થઈ ગયું છે. બન્ને ખોવાઈ ગયાં છે. સાથે રહેવા છતાં જાણે કે એકબીજાથી વિખૂટાં પડી ગયાં છે. પહેલાનું એ ખળખળ વહેતું પ્રેમનું ઝરણું કેમ સુકાઈ ચાલ્યું?

આ સ્થિતિમાં પતિપત્ની ક્યારેક અલગ થઈ જાય છે. એમને સમજાતું નથી કે આમ કેમ બની રહ્યું છે. આ પરિસ્થિતિ માટે બન્નેને સામી વ્યક્તિ જ દોષિત લાગે છે. સામી વ્યક્તિને પારખવામાં પોતે થાપ તો નથી ખાઈ ગયા ને? એમ થાય છે કે કોઈક સંવેદનાનો સાથી મળી જાય, જે વ્યક્તિ એવી હોય કે એ જે છે તેને જ પ્રેમ કરે, એનાં કાર્યને નહિ. આ આપણો ભ્રમ હોય છે. કવિ ઓડન કહે છે કે આવા સંબંધની આપણે ઝંખના કરીએ છીએ પણ એ ભ્રમ છે. એ શક્ય જ નથી કે આપણે જ એનું એકમાત્ર પ્રેમપાત્ર હોઈએ - **To be loved alone.** આપણે આવી ઈચ્છા સેવીએ છીએ એટલે જ સમસ્યા ભી થાય છે.

માણસને પોતાની જાતને પામવી હોય છે બીજાના પ્રેમમાં પરંતુ આ શક્ય નથી. પોતાની જાતને ઓળખવાથી જ સ્વત્વ પ્રાપ્ત થાય છે. કોઈક પ્રકારની સર્જનાત્મક પ્રવૃત્તિમાં પડે છે ત્યારે જ માણસને પોતાની શક્તિ પુનઃપ્રાપ્ત થાય છે. મૂરઝાતા જતા સંબંધની સમસ્યાના ઉકેલમાં કદાચ આ મદદરૂપ થાય. જીવનની વાસ્તવિકતાના ભાર નીચે પ્રીતિનો જે નાજુક છોડ મૂરઝાઈ જાય છે તેને નવપલ્લિત કરી શકાય ? દામ્પત્યના મધ્યાંતરે આવી નાજુક પરિસ્થિતિ નિર્માણ થતી હોય છે. દામ્પત્યજીવનના નાટકનો પ્રથમ અંક પૂરો થાય છે.

પરિણીત જીવનના બે-અઢી દાયકામાં પ્રવૃત્તિઓનું ઘમસાણ હોય છે. એક પછી એક જવાબદારીઓ વધતી જાય છે. સંતાનોનો ઉછેર, શિક્ષણ, કારકિર્દી અને લગ્ન. આ બધાં કામોમાં ફુરસદ જ ક્યાં મળે છે? જીવનમાં કશુંક પ્રાપ્ત કરવા માટે, સંસારનો માળો રચવા માટે કેટલો સંઘર્ષ કર્યો હતો! આ પરિસ્થિતિમાં બેને નિરાંતે બેસવાનો સમય ક્યાં હતો ! એ વખતે સંબંધો જાળવવા, ખીલવવા ખૂબ મુશ્કેલ હોય છે.

**અનુસંધાન પાના નં. ૬ પર**

# ભગવાન શિવ તેના પર પ્રસન્ન થયા અને વચન માંગવા કહ્યું પણ તેને પ્રભુના દર્શન સિવાય કોઇ કામના નથી એમ જણાવતાં ભગવાને તેને પાર્ષદ દ્વારપાળ બનાવ્યો

કુહુ... કુહુ... કુહુ... કોયલનો ટહુકાર સંભળાયો. આમ્રકુંજમાં આંબાને આવેલ મોર અને વાસંતી ૠતુનો આ પ્રતાપ નહોતો પણ મારા મોબાઈલ ફોનની રીંગટોનનો અવાજ હતો. મેં ફોન ઉપાડતાં સામેથી અવાજ આપ્યો.

'હર હર મહાદેવ'

'મહાદેવ હર...' અવાજને ઓળખી જતાં મેં પ્રત્યુત્તર આપ્યો. હાં એ ગુજરાતી લોક સાહિત્યના મર્મી દોલત ભટ્ટ હતા. તેમણે કહ્યું કે હું પ્રકૃતિ ઉદ્યાનમાં આવું છું. ધરતીનો ધબકાર જેના શ્વાસમાં છે. તેને મળવાનું કોને ન ગમે. હું તેમની રાહ જોવા લાગ્યો. ત્યાં સામેથી ધૂળ ઉડાડતી મોટરકાર નજરે પડી. મેં તમને આવકાર આપ્યો પછી ઉદ્યાનની કચેરીની બહાર જ અમે બેઠા ત્યારે વાતની શરૂઆત કરતાં દોલતભાઈએ કહ્યું.

'તમને ખબર છે. લીલી વનરાઈના કુદરતી સૌંદર્યથી શોભતી જે ભૂમિમાં આપમે બેઠા છીએ એ પ્રાચીન કાળના ૠષિ મુનિઓની તપો ભૂમિ છે.'

'હા એવું મેં સાંભળ્યું તો છે. આ ઈન્દ્રોડા ગામ પાસે એક પુરાતન કિલ્લો પણ છે. ગામનું નામ પણ ઈન્દ્રના નામથી જ પડ્યું હોવું જોઈએ. અને તેના લીધે જ હવે આ જગ્યા ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન તરીકે ઓળખાય છે.' મેં કહ્યું.

'હાં, પણ ઈન્દ્ર સાથેના તેના સંબંધની વાત તમને ખબર નહીં હોય ખરું ને?' દોલતભાઈએ પુછ્યું.

'પણ મને જાણવામાં રસ ખરો.'

### હરિયાળું હરણોદ્યાન

**- નટવર હેડાઉ**

'તો સાંભળો, આ ભૂમિનું મહાત્મય વૈદિક ધર્મના ૧૮ પુરાણોમાંના પદ્મપુરાણ ઉત્તરક્રિયા ખંડના અધ્યાય-૧૫૧ અને સ્કન્દ પુરાણ ધર્મારણ્ય ખંડમાં ઈન્દ્રેશ્વર મહાત્મ્ય વેદ વ્યાસજીએ વર્ણવેલ છે. મહાભારતમાં પણ તેનો ઉલ્લેખ મળે છે.'

'અહિં ઈન્દ્રોડા ગામનાં ઈન્દ્રાણી માતાનું મંદિર પણ છે મને ઘણીવખત વિચાર આવે છે કે ઈન્દ્ર અહીં શા માટે આવ્યા હશે?'

'પુરાણકથા અનુસાર સુરેશ્વર ઈન્દ્ર અને અસુરેશ્વર નમુચિ વચ્ચે શસ્ત્ર વિના એકબીજાને પરાજય આપવા કુસ્તી લડતા હતા પરંતુ ઈન્દ્રનો પરાજય થશે એમ લાગતાં આકાશવાણીની પ્રેરણાથી ઈન્દ્રએ હાથમાં સમુદ્ર ફીણ લઈ તેનાથી નમુચિનો વધ કર્યો. તેથી તેને બ્રહ્મ હત્યા લાગી. એના નિવારણ માટે તેણે બૃહસ્પતિને પુછતાં તેમના કહેવાથી તે સમયે બે કાંઠે વહેતી સાબરમતી નદીના તટે ઈન્દ્ર ગામ તીર્થમાં આવી એક સ્થાન બનાવ્યું. અહીં સ્નાન કરવાથી એ બ્રહ્મ હત્યામાંથી મુક્ત થયો અને તેની ક્રાંતિ પૂર્ણિમાના ચંદ્ર જેવી ધવલ થઈ ગઈ હતી તેથી કોઈ કોઈ તેને ધવલેશ્વર નામે પણ ઓળખતા હતા.'

'જો કે આ જગ્યા પહેલ હરણોદ્યાન નામે જાણીતી હતી. પણ હરણ તો બહારથી લાવીને અહીં વસાવ્યા હતા એવું લોકો કહે છે.'

'એ તો હમણાં થોડાં વર્ષોની વાત છે. સાબરમતી નદીનું નામ જ સાબર નામના હરણની વસ્તીને કારણે પડ્યું છે. કોતરો અને ગીચ જંગલ વિસ્તારમાં અહીં પહેલાં હરણો અને બીજા વન્ય જીવો બહોળા પ્રમાણમાં હતા. એવી એક લોક વાયકા છે કે ઈન્દ્રોડા ગામમાં નંદી નામનો એક વૈશ્ય રહેતો હતો. તે શિવભક્ત હતો. તે તપોવનમાં આવેલા શિવાલયમાં પ્રાંતકાળે આવી શાસ્ત્રોક્ત વિધિથી ચંદન પુષ્પ વિગેરેથી પૂજા કરતો. એક વખત બનેલું એવું કે એક શિકારી ભીલ હાથમાં તીરકામઠું લઈ ફરતો ફરતો આ પ્રદેશમાં આવ્યો. તેણે શિવાલય જોતાં ત્યાં આવીને બેઠો. તેનું મન શાંત થયું એટલે તેણે શિવજીનું પુજન કરવાનું વિચાર્યું. તેણે નદીમાં સ્નાન કર્યું અને મોઢામાં પાણી ભર્યું પછી એક હાથમાં હરણનું માંસ અને બીજા બાથમાં બિલિપત્ર લઈ શિવલિંગ પાસે આવ્યો. તેના બધા પુષ્પો-ફળો આમ તેમ ખસેડી નાખ્યા અને મોઢામાં ભરેલા જળથી શિવલિંગને સ્નાન કરાવ્યું પછી બિલિપત્ર ચડાવ્યાં અને હરણનું માંસ અર્પણ કર્યું. પછી દંડવત પ્રણામ કરી ભોળાભાવે મનથી વિચાર કરી નિયમ લીધો કે હવે હું દરરોજ અહીં પૂજા કરવા આવીશ.'

'તો પછી પેલા વૈશ્યને એ તેણે રોક્યો હોવો જોઈએ?' મેં પ્રશ્ન કર્યો.

'ના, એ વાણીયાભાઈ તો મહાકાળ જેવા બળવાન અને ભયંકર દેખાતા ભીલના હાથમાં તીરકામઠું જોઈ ભયભીત થઈ ગયા. તેણે ગામના પુરોહિતને વાત કરતાં તેણે શિવલિંગ ત્યાંથી ખસેડી લેવાની સલાહ આપી. ગામ લોકોને સાથે લઈ જઈ તેણે શિવલિંગ લાવીને પોતાના ઘરમાં સંતાડી દીધું.'

'ઓહો! આ તો ભારે થઈ. પછી પેલો શિકારી ભીલ તો બહુ ગુસ્સે થયો હશે.'

'ના... એ ભોળો ભીલ મહાદેવજીનો ભક્ત થઈ ગયેલો તે થોડીવાર આકુળવ્યાકુળ થયો પણ પછી મોઢામાં પાણી ભરી લાવી શિવલિંગનો ખાડો હતો તેના પર અભિષેક કર્યો અને છરી વડે પોતાનું પેટ ચીરી પોતાના આંતરડા અને માંસ કાઢી અર્પણ કરી દંડવંત પ્રણામ કરવા લાગ્યો. ત્યારે ભોળાના ભગવાન શિવ તેના પર પ્રસન્ન થયા અને વચન માંગવા કહ્યું પણ તેને પ્રભુના દર્શન સિવાય કોઈ કામના નથી એમ જણાવતાં ભગવાને તેને પાર્ષદ દ્વારપાળ બનાવ્યો. ભગવાન શિવના ડમરું, શંખ અને ભેરીના શબ્દોથી હજારો દુંદુભી નગારાંના નાદ થયા. વિસ્મય પામતો વૈશ્ય નંદી ત્યાં આવ્યો. તેણે ભીલને કહ્યું કે તું સાચો શિવભક્ત છે. ભીલે તેના હાથ પકડી શિવજી પાસે આવીને કહ્યું, 'હે દેવોના દેવ આ વૈશ્ય નંદીને હું ઓળખું છું. તે બુદ્ધિશાળી છતાં શુદ્ધ મનવાળો આપનો ભકત છે. દાસ્ય ભાવે રહેવા માંગે છે. તેથી ભગવાન શિવશંકરે કિરાત અને નંદીને પોતાના દ્વારપાળ બનાવ્યા. એવી કથા છે.' દોલતભાઈએ કહ્યું.

પંખીઓનો કલરવ અને વાનરોની હુપાહુપ જાણે કે અરણ્યપ્રદેશના આ વૃતાંત ને સાંભળી તેમાં હોંકારો ભણતી હતી. મને પણ વાતમાં રસ પડવા લાગ્યો હતો. સેવક ચ્હા લઈ આવ્યો એટલે ચ્હાની ચુસકી લેતાં મે વાતનો દોર આગળ વધારતાં પુછ્યું.

'દોલત ભાઈ મેં તો તમારી કૉલમમાં વાંચેલી વાત કંઈક જુદી હતી. તેમાં પુનાના પેશ્વા મલ્હારરાવના સુબેદારની ઘોડાઓની ચોરીની કંઈક વાત હતી.'

'હાં એ પાછો એક જુદો જ ઈતિહાસ છે. પેશ્વાનો સુબો કડીમાં રાજ કરતો હતો. તેની ઘોડારમાંથી ઘોડાઓ ચોરાયેલા ચોર એ ઘોડાઓને લઈને અહીં સાબરમતીને કાંઠે આવેલા. અને તેમની પાછલ રાજના સૈનિકો પકડવા માટે આવતા હતા. તેથી એ શિવાલય પાસે આવ્યા. અહીં એક સંત ધુણી ધખાવીને બેઠા હતા. ચોરો એ ઘોડાઓને બાજુમાં ઊભા રાખી સંતને પ્રણામ કરી હકીકત જણાવી અને પ્રશ્ચાતાપ કર્યો એટલે સંતે તેમને અભવચન આપ્યું. અને ઘોડાઓને ઊભા રહેવા દઈ ચોરોને જંગલમાં છુપાઈ જવા કહ્યું. રાજના સૈનિકોએ આવીને સંતને પુછ્યું કે આ ઘોડાઓ અહીં કોણ લાવ્યું છે? ત્યારે સંતે કહ્યું કે આ તો જંગલ છે. અહીંયા આખો દિવસ ઘણાં જાનવરો આવે છે. તે કોના છે? અને કોણ લાવ્યું તેનાતી માટે શી નિસ્બત.' આ સાંભળી સૈનિકો ઘોડા તરફ આગળ વધ્યા. ઘોડાઓ લાલ અને કાળા હતા. પણ જયાં સૈનિકો તેમની નજીક ગયા તો તેને સફેદ થઈ ગયેલા જોયા. તેઓ અંદરોઅંદર વિચારવા લાગ્યા કે હવે શું કરવું? તેમને એમ થયું કે ઘોડાઓ તો આપણા જ છે પણ ઘોડાઓ લઈને જઈશું તો કોઈ વિશ્વાસ કરશે નહિ. અને કહેશે કે ચોરો હાથમાં આવ્યા નહીં એટલે રાજાના ભયથી બીજા ઘોડાઓ લઈ આવ્યા છે. હવે આ સંત સિવાય આપણો ઉદ્ધાર નથી. તેમને સંતને વિનંતી કરતા સંતે સાચી હકીકત કહી અને જણાવ્યું કે ચોરોને પ્રસ્તાવો થયો છે. હવે પછી તેઓ આવું નહીં કરે એવું મને જણાવતાં મેં તેમને

**અનુસંધાન પાના નં. ૬ પર**